# UG & PG Common Schedule for the Admission Process 2025-26

## Steps to be followed by the Students for Admission in UG & PG Programs (including B.Ed., M.Ed., LLB, LLM, *etc.*)

(For affiliated and constituent colleges / Department of Universities associated with GCAS Portal)

## COMMON PHASE OF ADMISSION

For students seeking admission through the GCAS portal for the academic year 2025-26, the government has periodically announced admission phases, providing opportunities for students to confirm their admission. Additionally, for students applying to undergraduate programs who either selected only one college-program or whose merit scores were below the cut-off for all their chosen colleges, the government offered two chances to revise their choices in their best educational interest. However, for those who did not utilise these opportunities, the government, considering their educational welfare, has extended three admission offers through the system, based on their merit scores and available college options. Therefore, despite receiving multiple admission offers from their chosen colleges, students who have not yet confirmed their admission will be given the following common admission rounds for undergraduate and postgraduate programs to safeguard their educational interests.

| Sr. No. | Admission Stage | Dates | Total Days | Steps to be followed by Students |
|---|---|---|---|---|
| 1 | Admission Cancellation, Registration & Correction in Application Submitted in previous Phases | 11.10.2025 to 12.10.2025 | 02 | **For Admission Cancellation:**<br>1. Log-in to GCAS portal.<br>2. Click on "CANCEL ADMISSION" Button in the table given under the **"Admission Confirmation Details"** section on Dashboard.<br>3. Confirm the Alert Message, give OTP and cancel admission.<br>4. Contact College/University for further process after cancelling admission on portal.<br>**For Registration:**<br>1. Do Quick Registration, Pay Registration Fees, Fill in Profile, Academic Information and Choose University-College-Program-Major Subject.<br>2. Check online application and submit on GCAS portal.<br>Students who have applied for admission in previous admission rounds and have not confirmed their admission anywhere or have cancelled their confirmed admission will be able to update their application or change their choice during this period.<br>**Note:** Such students will have to get their application verified as per Step-2, if applicable. |
| 2 | Verification Round (Parallel to Registration Round) | 11.10.2025 to 13.10.2025 | 02* | Get the online application submitted on GCAS portal and original certificates verified at the nearby verification centre. (If applicable) |

| Sr. No. | Admission Stage | Dates | Total Days | Steps to be followed by Students |
|---|---|---|---|---|
| 3 | Technical Process | 14.10.2025 | 01 | - |
| 4 | COMMON ROUND – 1 | 15.10.2025 | 01 | 1. Log-in on Student dashboard of GCAS portal and check Admission Offers offered by respective University-College.<br>2. From all the offers received, confirm one University-College-Program-Major Subject through OTP on the student's dashboard on portal.<br>3. Take print of offer letter and report to the respective University-College with all original and one set of self-attested documents.<br>4. Pay University-College fees as per norms and confirm admission with OTP. |
| 5 | COMMON ROUND – 2 | 16.10.2025 | 01 | As per Sr. No. 04 |

* On 12.10.2025 – Sunday

**Note:**

1. Students who want to cancel their already confirmed admissions must cancel during 11.10.2025 to 12.10.2025. After that period, they will not be allowed to cancel their admission until the completion of this phase.
2. Students who cancel their admission are specifically informed that the process of refunding the fees paid at the time of admission confirmation must be carried out as per the rules of the respective university or college. The GCAS portal has no role in this process.
3. Students who had previously confirmed admission at a university-college in earlier phases but later cancelled it in earlier phases as well as in this phase will be allowed to participate in this round based on their earlier application.
4. Students who submitted an online application in the previous admission rounds but have not completed the verification process (if applicable), will be able to get their applications verified during the dates mentioned in Sr. No. 2 of the above table.
5. Students are advised to check the GCAS portal for information on available vacant seats. Before making/changing their selection, they must confirm the availability of seats in their preferred University-College-Program-Major Subject.
6. **Admission once confirmed shall not be cancelled during this phase.**
7. **Students whose Educational information of Std. 12 is not auto-fetched must upload their Std. 12 marksheet mandatorily. The marksheet must be uploaded in PDF or JPG format with a maximum file size of 200 KB. In case of multiple marksheets, the student must merge all marksheets into a single file before uploading.**
8. It is specially instructed that the facility of ***"Send Back for Edit"*** for colleges conducting verification will be **available only till 3.00 PM on 13.10.2025**. Such students will have to **revise and submit their *"Send Back for Edit"* applications by 4.00 PM on 13.10.2025 and get it verified.**
9. **The validity of the admission offers given to the student by the concerned college-university will be valid only until the working hours of the respective college-university or 4:00 PM in the evening (whichever is earlier).**

******

**Gujarat Common Admission Services (GCAS)**
**Education Department, Government of Gujarat**

# પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટે સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનું કોમન શિડ્યુલ

સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં
(B.Ed., M.Ed., LLB, LLM વગેરે સહિત)

(For affiliated and constituent colleges / Department of Universities associated with GCAS Portal)

## પ્રવેશનો કોમન તબક્કો

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં GCAS પોર્ટલ મારફત પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે સરકારશ્રી દ્વારા વખતો વખત પ્રવેશના તબક્કાઓ જાહેર કરીને વિદ્યાર્થીઓને તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે તક આપવામાં આવેલ છે. વધુમાં, સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે અરજી કરેલ વિદ્યાર્થીઓના કિસ્સામાં જે વિદ્યાર્થીઓએ માત્ર એક જ કોલેજ-પ્રોગ્રામની પસંદગી કરી હોય કે તેમની પસંદગીની તમામ કોલેજોના મેરીટ કટ-ઓફ કરતા ઓછા હતા તેમના શીક્ષનીક હિતમાં સરકારશ્રી દ્વારા તેમની પસંદગી સુધારવાની બે તક આપવામાં આવી હતી. તેમ છતાં જે વિદ્યાર્થીઓએ આ તકનો લાભ લીધેલ નથી તેવા વિદ્યાર્થીના શૈક્ષણિક હિતને ધ્યાને રાખીને સરકારશ્રી દ્વારા આ વિદ્યાર્થીઓને તેમના મેરીટ કટ-ઓફ અને પસંદગી મુજબ મળવાપાત્ર કોલેજમાં પ્રવેશ માટે સિસ્ટમ દ્વારા પ્રવેશ માટે ત્રણ - ત્રણ ઓફર્સ પણ આપવામાં આવેલ છે. આમ, વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોલેજો દ્વારા વખતો-વખત પ્રવેશની ઓફર્સ મળવા છતાં, જે વિદ્યાર્થીઓએ હજૂ પણ તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવેલ નથી તેમના શૈક્ષણિક હિતમાં સરકારશ્રી દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે નીચે મુજબનાં કોમન રાઉન્ડ્સ જાહેર કરવામાં આવે છે:

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| ૧ | કન્ફર્મ પ્રવેશ કેન્સલ, રજિસ્ટ્રેશન રાઉન્ડ & અગાઉના તબક્કામાં સબમિટ કરેલ અરજીની વિગતમાં સુધારણા માટે | તા.૧૧.૧૦.૨૦૨૫ થી તા.૧૨.૧૦.૨૦૨૫ | ૦૨ | **પ્રવેશ કેન્સલ કરાવવા માટે:**<br>1. GCAS પોર્ટલ પર લોગ-ઈન કરવું.<br>2. ડેશબોર્ડ પરના **"Admission Confirmation Details"** સેકશનમાં દર્શાવેલ ટેબલમાં "CANCEL ADMISSION" બટન પર ક્લિક કરો.<br>3. મોબાઈલ પર આવેલ એલર્ટ મેસેજ કન્ફર્મ કરો, OTP દાખલ કરો અને એડમિશન રદ કરો.<br>**રજિસ્ટ્રેશન માટે:**<br>1. ક્વિક રજિસ્ટ્રેશન કરી રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>2. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી.<br>જે વિદ્યાર્થીઓએ અગાઉના પ્રવેશના તબક્કાઓમાં પ્રવેશ માટે અરજી કરી હશે અને તેમણે ક્યાંય પ્રવેશ કન્ફર્મ કરાવેલ નહીં હોય કે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ કરાવેલ હશે તેઓ આ |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | સમયગાળામાં તેમની અરજીમાં સુધારો કે ચોઈસ બદલી શકશે.<br>**નોંધ:** અરજીમાં સુધારો કરનાર વિદ્યાર્થીઓએ ક્રમ–૨ મુજબ લાગુ પડતાં કિસ્સામાં તેમની અરજી વેરીફાઇ કરાવવાની રહેશે. |
| ૨ | વેરીફીકેશન રાઉન્ડ (રજિસ્ટ્રેશન રાઉન્ડને સમાંતર) | તા.૧૧.૧૦.૨૦૨૫ થી તા.૧૩.૧૦.૨૦૨૫ | ૦૨* | GCAS પોર્ટલ પર સબમિટ કરેલ ઓનલાઇન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન નજીકના વેરીફીકેશન સેન્ટર પર કરાવવું. |
| ૩ | ટેકનિકલ પ્રોસેસ | તા.૧૪.૧૦.૨૦૨૫ | ૦૧ | – |
| ૪ | કોમન રાઉન્ડ – ૧ | તા.૧૫.૧૦.૨૦૨૫ | ૦૧ | 1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ–ઇન કરી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર OTPથી કન્ફર્મ કરવી.<br>3. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી–કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું.<br>4. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| ૫ | કોમન રાઉન્ડ – ૨ | તા.૧૬.૧૦.૨૦૨૫ | ૦૧ | ક્રમ–૫ મુજબ. |

*૧૨.૧૦.૨૦૨૫ – રવિવાર

**નોંધ :**

1. જે વિદ્યાર્થીઓ તેમના કન્ફર્મ થયેલા પ્રવેશ રદ કરવા માંગે છે તેમણે ૧૧.૧૦.૨૦૨૫ થી ૧૨.૧૦.૨૦૨૫ દરમિયાન પ્રવેશ રદ કરવવાનો રહેશે. ત્યારબાદ, આ તબક્કો પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ પ્રવેશ રદ કરાવી શકશે નહિ.
2. પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે તેમણે તેમનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે સંબંધિત યુનિવર્સિટી–કોલેજ ખાતે જમા કરાવેલ ફી રીફંડની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી–કોલેજના નિયમાનુસાર કરવાની રહેશે. આ અન્વયે GCAS પોર્ટલની કોઈ ભૂમિકા રહેતી નથી.
3. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના અગાઉના તબક્કાઓમાં તથા આ તબક્કામાં યુનિવર્સિટી–કોલેજ ખાતે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ્દ કરાવેલ છે તેઓ પ્રવેશના આ તબક્કામાં તેમની અગાઉની અરજીના આધારે ભાગ લઇ શકશે.
4. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના અગાઉના તબક્કાઓમાં ઓનલાઈન અરજી સબમિટ કરી છે પરંતુ વેરીફાઈ (લાગુ પડતા કિસ્સામાં) કરાવી નથી કે વેરીફાઈ કરાવવાની રહી ગઈ છે તે વિદ્યાર્થીઓ ઉપરોક્ત કોષ્ટકના ક્રમ–૨માં દર્શાવેલ તારીખો દરમિયાન તેમની ઓનલાઈન અરજી વેરીફાઈ કરાવી શકશે.
5. વિદ્યાર્થીઓ ખાલી બેઠકોની માહિતી માટે GCAS પોર્ટલ પરથી મેળવી શકે છે. ઓનલાઈન અરજીમાં ચોઈસ કરતા પહેલા વિદ્યાર્થીએ તેમની પસંદગીના યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાં બેઠકોની ઉપલબ્ધતાની પુષ્ટિ કર્યા બાદ જ ચોઈસ કરવી.

6. પ્રવેશના અંતિમ તબક્કા દરમિયાન એકવાર પ્રવેશ કન્ફર્મ કરાવ્યા બાદ પ્રવેશ રદ કરાવી શકાશે નહિ.
7. જે વિદ્યાર્થીઓની ધોરણ–૧૨ની શૈક્ષણિક માહિતી ઓટો–ફેચ ના થાય તેમણે તેમની ધોરણ–૧૨ની માર્કશીટ ફરજીયાત અપલોડ કરવાની રહેશે. માર્કશીટ મહત્તમ 200 KB સાઈઝની pdf/jpg ફોર્મેટમાં અપલોડ કરવાની રહેશે. એક કરતાં વધુ માર્કશીટના કિસ્સામાં વિદ્યાર્થીએ તમામ માર્કશીટ્સ એક જ ફાઈલમાં મર્જ કરીને અપલોડ કરવાની રહેશે.
8. **ખાસ સૂચન કરવામાં આવે છે કે,** વેરીફીકેશન કરતી કોલેજો માટે ***"Send Back for Edit"***ની સુવિધા **તા.૧૩.૧૦.૨૦૨૫ના રોજ બપોરે ૩.૦૦ કલાક સુધી** જ રહેશે. આવા વિદ્યાર્થીઓએ ***"Send Back for Edit"*** થયેલ અરજીને **તા.૧૩.૧૦.૨૦૨૫ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં સુધારીને સબમિટ કરી વેરીફાઈ કરાવી લેવાની રહેશે.**
9. વિદ્યાર્થીને સંબંધિત કોલેજ–યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પ્રવેશના ઓફરની સમયાવધિ સંબંધિત કોલેજ–યુનિવર્સિટીના કામકાજના કલાકો કે સાંજે ૪.૦૦ કલાક (બે માંથી જે વહેલું હોય) સુધીની રહેશે.

*****